# મોક્ષ પ્રાપ્ત્યાર્થે નિત્ય આરાધના

કર્તા
પરબ્રહ્મનિષ્ઠ
**વ્યાસજી વલ્લભરામ સૂર્યરામ**
ઠે.વલ્લભવાડી, રામબાગ, મણિનગર, અમદાવાદ-૮.

-: પ્રકાશન :-
**જયવર્ધનભાઈ રમુજીલાલ વ્યાસ**
વ્યાસ પબ્લિકેશન, વલ્લભવાડી,
રામબાગ, મણિનગર, અમદાવાદ-૮.

**(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે)**

પ્રાપ્તિસ્થાન :
**વ્યાસ પબ્લિકેશન,**
વલ્લભવાડી, રામબાગ, મણિનગર, અમદાવાદ-૮.

વલ્લભ માનવોધ્ધારક મંડળ,
અનાવલ

## અનુક્રમણિકા

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| એકાક્ષર બ્રહ્મની આરતી | ૧-૨ |
| સદ્‌ગુરુ વલ્લભરામની આરતી | ૩-૪ |
| પરમ્ સદ્‌ગુરુ રમુજીલાલની આરતી | ૫-૮ |
| ઈશ્વર સ્તુતિ | ૯-૧૦ |
| મૂળપદ વિશ્વના સ્વામી | ૧૧-૧૨ |
| ગુરુ સ્તુતિ | ૧૩-૧૭ |
| રમુજી ગુરુ સ્તુતિ | ૧૮-૧૯ |
| આરાધન પ્રકરણ - ૧ | ૨૦-૨૧ |
| આરાધન પ્રકરણ - ૨ | ૨૨ |
| આરાધન પ્રકરણ - ૩ | ૨૩-૨૪ |
| ગુરુજી શરણે સ્વીકારો | ૨૫ |
| ગુરુજી ગુના માફ કરજો | ૨૬-૨૭ |
| સદ્‌ગુરુ વલ્લભરામ બાવની | ૨૮-૩૫ |
| ધૂન | ૩૬ |
| થાળ | ૩૭-૩૮ |



## એકાક્ષર બ્રહ્મની આરતી

**જય જય જય ૐકાર,**
**જય જય જય જય જય ૐકાર,**
**ઉરથી આરાધન કરીએ, (૨)**
**આવાગમન નિસ્તાર, જય.....૧.**
**વેદમાં સૂક્ષ્મ વેદ,**
**જય જય વેદમાં સૂક્ષ્મ વેદ,**
**બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, (૨)**
**શોધન કરે સહુ ભેદ, જય.....૨.**
**શક્તિ શેષ નરેશ,**
**જય જય શક્તિ શેષ નરેશ,**
**સુરીનર મુનિવર સરખા, (૨)**
**પાર પામે કોઈ લેશ, જય.....૩.**



**પ્રણવ જ એકાક્ષર,**
**જય જય પ્રણવ જ એકાક્ષર,**
**જ્ઞાની જનના ઘટમાં, (૨)**
**જ્ઞાનમય મમ મનોહર, જય.....૪.**
**અ, ઉ, મ અક્ષર ત્રણ,**
**જય જય અ, ઉ, મ અક્ષર ત્રણ,**
**ઉપર માત્રા બિરાજે, (૨)**
**તત્ત્વ જ ગુણ આવ્રણ, જય.....૫.**
**બિંદુ બાવન બ્હાર,**
**જય જય બિંદુ બાવન બ્હાર,**
**મોક્ષમાર્ગીને વલ્લભ, (૨)**
**પ્રેમે પામ્યા પાર, જય.....૬.**

❈ ❈ ❈ ❈

## સદ્‌ગુરુ વલ્લભરામની આરતી

જય ગુરૂ મહારાજ,
જય જય જય ગુરૂ મહારાજ;
તમ શરણું છે સાચું (૨),
ભક્ત જનોના શીરતાજ જય..... ૧.
પરોપકારે ધર્યા દેહ,
જય ગુરૂ પરોપકારે ધર્યા દેહ;
મોક્ષમાર્ગ સ્થાપન કરવા (૨),
ટાળવા સૌ સંદેહ જય..... ૨.
પ્રથમ જન્મે કર્મકાંડ,
જય ગુરૂ પ્રથમ જન્મે કર્મકાંડ;
બીજે માયા ઉપાસના (૨),
કરી ગજવ્યું બ્રહ્માંડ જય..... ૩.



ત્રીજે જન્મે આત્મજ્ઞાન,
જય ગુરૂ ત્રીજે જન્મે આત્મજ્ઞાન;
આપી જ્ઞે ઓળખાવ્યું (૨),
ધરાવ્યું ધ્યેયનું ધ્યાન જય..... ૪.
દુનિયા દુઃખ ભંડાર,
જય ગુરૂ દુનિયા દુઃખ ભંડાર;
અચળામૃતમાં સમાવો (૨),
તજાવો મોહ વિકાર જય..... ૫.
કરો કૃપા અપાર;
જય ગુરુ કરો કૃપા અપાર;
આપ કૃપાથી થાશે (૨),
મોક્ષમાર્ગીનો ઉધ્ધાર જય..... ૬.
કાઢો માયાથી બહાર,
જય ગુરૂ કાઢો માયાથી બહાર;
મોક્ષ સ્વરૂપ બનાવો (૨),
વ્યાસ દાસ તમ આધાર જય..... ૭.



## પરમ્ સદ્‌ગુરુ રમુજીલાલની આરતી

જય ગુરૂદેવ રમુજીવ્યાસ,
જય જય જય ગુરુદેવ રમુજીવ્યાસ,
દયાથી દેહ ધારણ કર્યા,
દયાથી દેહ ધારણ કર્યા;
અવિદ્યાનો કરવા નાશ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ..... ૧
પ્રથમ જન્મે ઋષભદેવ,
જય ગુરૂ પ્રથમ જન્મે ઋષભદેવ,
સાક્ષાત્ પ્રભુને ઓળખાવી,
સાક્ષાત્ પ્રભુને ઓળખાવી;
કરી મોક્ષધર્મની સેવ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ..... ૨



શુકદેવજી દ્વિ અવતાર,
જય ગુરૂ શુકદેવજી દ્વિ અવતાર,
અનેકને મુક્તિ અપાવી,
અનેકને મુક્તિ અપાવી;
સમજાવી ભાગવત સાર,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ..... ૩.
ત્રીજે જન્મે કબીરદાસ,
જય ગુરૂ ત્રીજે જન્મે કબીરદાસ,
જ્ઞાનની ગંગા વહેવડાવી,
જ્ઞાનની ગંગા વહેવડાવી;
જાતી ભેદ કર્યા નાશ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ..... ૪.
ચતુર્થ જન્મે રમુજીલાલ,
જય ગુરૂ ચતુર્થ જન્મે રમુજીલાલ,

પૂર્વ વરો પૂર્ણ કરીને,
પૂર્વ વરો પૂર્ણ કરીને,
કર્યા શિષ્યોને નિહાલ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ.....૫.
આપ્યું પ્રણવવિજ્ઞાન,
જય ગુરૂ આપ્યું પ્રણવવિજ્ઞાન,
આત્માની ગ્રંથિઓ છેદી,
આત્માની ગ્રંથિઓ છેદી,
દેખાડવા પૂર્ણ ભગવાન,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ.....૬.
કરાવ્યા અનેક પ્રયોગ,
જય ગુરૂ કરાવ્યા અનેક પ્રયોગ,
પૂણ્યબળ અર્પણ કરીને,
પૂણ્યબળ અર્પણ કરીને,



કરાવ્યો પ્રભુનો સંયોગ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ.....૭.
કર્મ કરાવ્યાં નિષ્કામ,
જય ગુરૂ કર્મ કરાવ્યાં નિષ્કામ,
પ્રભુનું મિલન કરાવ્યું,
પ્રભુનું મિલન કરાવ્યું,
દીધા પ્રભુચરણમાં વિશ્રામ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ.....૮.
દુર્લભ આપનું ચરણ,
જય ગુરૂ દુર્લભ આપનું ચરણ,
નિત્ય સેવન કરવાથી,
નિત્ય સેવન કરવાથી,
મટે દાસોનાં જન્મ મરણ,
જય જય જય ગુરૂદેવ રમુજીવ્યાસ.....૯.



## ઈશ્વર સ્તુતિ

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ...૧
ધ્યાનમૂલં ગુરોમૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ...૨
બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વંદ્વાતીતં ગગન સદૃશં તુર્યાતીતં ત્વમ્ પદમ્
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સત્ સ્વરૂપં નમામિ. ...૩
ૐકારં બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ...૪
શુકલાં બ્રહ્મ વિચાર સાર પરમામાદ્યાં
જગદ્વ્યાપિનીમ્, વીણાપુસ્તક
ધારિણીમભયદાં જાડ્યાન્ધકારાપહમ્



હસ્તે સ્ફાટિકમાલિકાં વિદધતીં પદ્માસને
સંસ્થિતામ્, વન્દે તાં પરમેશ્વરીં ભગવતીં
બુદ્ધિપ્રદાં શારદામ્ ...૫
માયા કુંડલિની ક્રિયા મધુમતીઃ કાલીકલા
માલિની, માતંગી વિજયા જય ભગવતી
દેવી શિવા શાંભવી, શક્તિઃ શંકરવલ્લભા
ત્રિનયના વાગ્યાદિની ભૈરવી,
ૐકારી ત્રિપુરા પરા ભગવતી માતા
કુમારેશ્વરી ...૬
મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્
યત્ કૃપા તમહં વંદે પરમાનંદમાધવમ્ ...૭
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવ દેવ. ...૮

## વલ્લભ વિઠ્ઠલ સીજી-એ રાગ

મૂળપદ વિશ્વના સ્વામી, પાવલીએ લાગું;
આત્માના છો અંતરયામી, હું મુક્તિ માગું.
૧....

દુરિજન દુષ્ટ છું આપે, પાવલીએ લાગું;
પિન્ડ ભર્યો છે મેં પાપે, હું મુક્તિ માગું.
૨...

સત્ય સમાગમ કીધો નથી, પાવલીએ લાગું;
મુઓ છું વહેવારમાં મથી, હું મુક્તિ માગું.
૩...

માયાની જાળે લીધો ઘેરી, પાવલીએ લાગું;
લક્ષચોરાશી ફર્યો ફેરી, હું મુક્તિ માગું.
૪...



કોટાણ કોટી કુબુદ્ધિ, પાવલીએ લાગું;
મમ નાથ લેજો મારી શુધ્ધિ, હું મુક્તિ માગું.
૫...

તન મન ધન અર્પણ કરી, પાવલીએ લાગું;
તમ ચરણે ચિત્ત ધરી, હું મુક્તિ માગું.
૬...

જન્મ મૃત્યુથી ઉગારો, પાવલીએ લાગું;
આવાગમનને નિવારો, હું મુક્તિ માગું.
૭...

દેહ બેડી વેઠી છૂટું જ્યારે, પાવલીએ લાગું;
આપ શરણે લેજો ત્યારે, હું મુક્તિ માગું.
૮...

વ્યાસ વલ્લભનું માગું એવું, પાવલીએ લાગું;
શુધ્ધ સેવકનું છે તેવું, હું મુક્તિ માગું.
૯...



## ગુરુ સ્તુતિઃ

(શાર્દુલ વિક્રાડિત છંદ)

શ્રીમચ્છુદ્ધકુલોદ્ભવં દ્વિજવરં,
પરમાર્થતત્વપદમ્;
શિષ્યાનામવબોધબુદ્ધિશુભર્દં,
મોહાદિદોષાપહમ્;
જ્ઞાનાબ્ધિંસુગુણાઢયબ્રહ્મનિપુણં,
શ્રીવેદમૂર્ત્યાસમમ્;
શ્રીમદ્ વલ્લભ વ્યાસ સંજ્ઞકગુરું,
તંસ્તૌમ્યહં સર્વદાઃ ॥૧॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજકી જય.)
(ૐ મહર્ષિ વેદમ્ વ્યાસ ભગવાનકી જય)



યસ્યાસ્તિ સ્થિતિરત્ર રાજનગરે
રાજત્સ્વકીયાન્વયે;
શ્રીમત્સૂરજરામ યસ્ય જનકો
ધર્માવતારઃ સ્વયમ્;
સ્તુત્યં વેદવિદાં વરિષ્ઠ
મનુજૈસ્સર્વાર્થમુક્તિ પ્રદમ્;
શ્રીમદ્ વલ્લભ વ્યાસસંજ્ઞકગુરું,
તંસ્તૌમ્યહં સર્વદાઃ ॥૨॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજકી જય.)
(ૐ સંત શ્રી વલ્લભ ધોળાકી જય)

યસ્ય સ્મરામિ રુચિરાં મનસા સુમુર્તિમ્;
ધ્યાયેન શ્રેય વિતિતં વિદધાસિ નિત્યમ્;

જાપ્યેન મોક્ષપ્રદ નામવરં જપામિ;
શ્રીવ્યાસ વલ્લભ ગુરું, સતતં નમામિ. ॥૩॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજકી જય.)
(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય.)

બ્રહ્મૈવ ભાસિવિમલં પરિપૂર્ણરૂપમ્;
અજ્ઞાનધ્વાન્ત હરભાનુરિવસ્વબોધાત્;
મોક્ષાર્થિનાં વિશદ, મોક્ષપ્રદં સમર્થમ્;
શ્રીવ્યાસ વલ્લભ ગુરું, સતતં નમામિ. ॥ ૪ ॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય.)
(ૐ આદ્યનારાયણ ભગવાન કી જય)



ભાવાર્થ આદિ સકલ ગ્રન્થ સુધાર સંચ;
શાસ્ત્રાનુસાર રચિંત પરમં પવિત્રમ્;
વેદોક્ત વાક્યસહિતં, સકલાર્થ યુક્તમ્;
શ્રીવ્યાસ વલ્લભ ગુરું, સતતં નમામિ. ॥૫॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય.)
(ૐ સચ્ચિદાનંદકી જય)

ઉદ્દાલકાદિ મુનિવૃન્દ વરૈરગમ્યમ્
ધ્યાયન્તિ યં પ્રણવમંત્રવિદો વિશુદ્ધમ્;
જ્ઞાનૈ કમૂલ પુરુષં, મનસા સ્મરન્તમ્;
શ્રી વ્યાસ વલ્લભ ગુરું, સતતં નમામિ. ॥૬॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય.)
(ૐ એકાક્ષર બ્રહ્મકી જય)



(અનુષ્ટુપ વૃત્ત)

માનવસ્ય હિતાર્થાય, બ્રહ્મજ્ઞાનપ્રકાશિતમ્;
વન્દે વ્યાસમહાત્માનં વલ્લભં હરિરૂપિણમ્; ॥૭॥
જ્ઞાનેન બ્રહ્મવેત્તારં, બ્રહ્માનંદપરાયણમ્;
નમામ્યહં વ્યાસગુરું વલ્લભં હરિરૂપિણમ્; ॥૮॥

(ૐ પરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય.)
(ૐ અખંડાનંદકી જય)

❋ ❋ ❋ ❋



(વસંત તિલકા છન્દ)

શ્રી મોક્ષમાર્ગી હૃદયે પ્રણિષિચ્ય દિવ્ય;
જ્ઞાનામૃતં પ્રણવયોગ સમર્ચિતં યઃ ।
બ્રહ્માત્મદર્શનમયં વિતતાર મોક્ષ;
તં સદ્ગુરું રમુજીલાલમહં નમામિ ॥૧॥

(ૐ પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્ગુરુ
રમુજીલાલ મહારાજ કી જય.)
(ૐ જ્ઞાનયોગી શુકદેવ મુનિ મહારાજ કી જય)

યઃ સ્વલ્પજીવિમનુજસ્ય કૃતે દયાલુઃ
કલ્યાણદાયકપંથ સરલં દિદેશ ।
સંવાદકં વ્યરચયદ્ 'શુક-વ્યાસયો' ર્યઃ;
તં સદ્ગુરું રમુજીલાલમહં નમામિ ॥ ૨ ॥

(ૐ પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુ
રમુજીલાલ મહારાજ કી જય.)
(ૐ સંત કબીર મહારાજ કી જય)

યો વલ્લભં સ્વપિતરં ગુરુમેવ મત્વા;
મોક્ષધર્મપ્રચારમનઘં સતતં તતાન ।
ૐકારજાપસુવિભાષિત દિવ્યકાયં ;
તં સદ્‌ગુરું રમુજીલાલમહં નમામિ ।।૩।।

(ૐ પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુ
રમુજીલાલ મહારાજ કી જય.)
(ૐ પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુ
રમુજીલાલ મહારાજ કી જય.)

❈ ❈ ❈ ❈



## અથ આરાધન પ્રકરણ - ૧

| | |
|---|---|
| ૐ શ્રી ગુરુદેવાય | નમો નમઃ ।। |
| જ્ઞાનવક્તાય | નમો નમઃ ।। |
| સકલ તીર્થાય | નમો નમઃ ।। |
| સકલ દેવાય | નમો નમઃ ।। |
| નિષ્કલંકરૂપાય | નમો નમઃ ।। |
| બુધ્ધરૂપાય | નમો નમઃ ।। |
| પરશુરામરૂપાય | નમો નમઃ ।। |
| વામનરૂપાય | નમો નમઃ ।। |
| નરસિંહરૂપાય | નમો નમઃ ।। |
| વરાહરૂપાય | નમો નમઃ ।। |
| કસ્યપરૂપાય | નમો નમઃ ।। |



| | |
|---|---|
| મત્સ્યરૂપાય | નમો નમઃ ।। |
| શ્રી કૃષ્ણ સ્વરૂપાય | નમો નમઃ ।। |
| શ્રી રામચંદ્રાય | નમો નમઃ ।। |
| શ્રી પરમેષ્ઠી સ્વરૂપાય | નમો નમઃ ।। |
| શ્રી વિષ્ણુ સ્વરૂપાય | નમો નમઃ ।। |
| શ્રી શિવ સ્વરૂપાય | નમો નમઃ ।। |
| શ્રી આદ્યશક્તિ સ્વરૂપાય | નમો નમઃ ।। |
| બ્રહ્મરૂપાય | નમો નમઃ ।। |

❈ ❈ ❈ ❈



## અથ આરાધન પ્રકરણ - ૨

| | |
|---|---|
| ૐ શબ્દ ઉચ્ચારણાય | નમો નમઃ ।। |
| વેદ નારાયણાય | નમો નમઃ ।। |
| અક્ષરધામાય | નમો નમઃ ।। |
| અક્ષર સ્વરૂપાય | નમો નમઃ ।। |
| વિશ્વોત્તમાય | નમો નમઃ ।। |
| વિશ્વંભરાય | નમો નમઃ ।। |
| વિદ્યા સગુણાય | નમો નમઃ ।। |
| હિરણ્ય ગર્ભાય | નમો નમઃ ।। |
| બીજરૂપાય | નમો નમઃ ।। |
| વિશ્વકારણરૂપાય | નમો નમઃ ।। |
| વિશ્વાનંદાય | નમો નમઃ ।। |
| પરાત્મને | નમો નમઃ ।। |
| પરબ્રહ્મરૂપાય | નમો નમઃ ।। |
| પ્રકૃતિ પુરુષાય | નમો નમઃ ।। |

❈ ❈ ❈ ❈

## અથ આરાધન પ્રકરણ - ૩

વ્યાપકરૂપાય નમો નમઃ ॥
શુદ્ધ ચૈતન્યાય નમો નમઃ ॥
નિરંજનાય નમો નમઃ ॥
ત્રિગુણાતીતાય નમો નમઃ ॥
તુરીયાતીતાય નમો નમઃ ॥
માયાતીતાય નમો નમઃ ॥
અક્ષરાતીતાય નમો નમઃ ॥
જ્ઞાનસ્વરૂપાય નમો નમઃ ॥
મોક્ષરૂપાય નમો નમઃ ॥
પરમ્પદાય નમો નમઃ ॥
પૂર્ણબ્રહ્મરૂપાય નમો નમઃ ॥
સર્વોત્તમાય નમો નમઃ ॥



અખંડ સ્વરૂપાય નમો નમઃ ॥
અનાદિરૂપાય નમો નમઃ ॥
સચ્ચિદાનંદાય નમો નમઃ ॥
પરમાનંદાય નમો નમઃ ॥
અખંડાનંદાય નમો નમઃ ॥
અદ્વૈતાય નમો નમઃ ॥
પરમાત્મને નમો નમઃ ॥

❋ ❋ ❋ ❋



## ગુરુજી શરણે સ્વીકારો આ દાસ

ગુરુજી શરણે સ્વીકારો આ દાસ (૨),
આત્મ મંદિરના પાપ ડાઘ ધોઈને,
દીધો પરમ પ્રકાશ.... ગુરુજી
હું ના કોઈનો કોઈ ન મ્હારા,
મિથ્યા માયા ઉલ્લાસ;
ઘુવડનેત્રે ઓળખી શક્યો ના,
હું આત્મા અંધ ઉદાસ.... ગુરુજી
આત્મજ્યોતિ પ્રગટી અંતરમાં,
હવે ન બાકી આશ;
શરણાગત હું સર્વ પ્રકારે,
નિભાવજો અવિનાશ... ગુરુજી
આત્મા સમર્પું ગુરુચરણમાં,
દેજો મોક્ષે વાસ;
ગુરુવિરહાતુર રડી રહ્યો છું,
શીઘ્ર બોલાવો પાસ... ગુરુજી

❋ ❋ ❋ ❋



(ગઝલ તાલ - ૩)
(ઓ માતૃભૂમિ તારા - એ રાગ)

ગુરુજી ગુના માફ કરજો,
તમારે આધારે હું છું;
દાસોનાં દુઃખ હરજો,
તમારે આધારે હું છું.... ગુરુજી...
મુજમાં નથી કાંઈ શક્તિ,
શીખ્યો નથી શુદ્ધ ભક્તિ;
તો પણ રાખો સ્થિર વૃત્તિ,
તમારે આધારે હું છું.... ગુરુજી...
માયા કળિ દુઃખ દે છે,
ત્રિપાતે જીવો તપે છે;
તન ધનમાં જીવન ખપે છે,
તમારે આધારે હું છું.... ગુરુજી...

હજુ જો હોય પાપ બાકી,
તો દુ:ખો બીજાં દેજો;
નિર્મળ કરી મોક્ષે લેજો,
તમારે આધારે હું છું... ગુરુજી...
તાર્યા વિના ન ચાલે,
દુ:ખમાં જીવો સર્વ મ્હાલે;
વ્યાસ દાસ તમારે પાલે,
તમારે આધારે હું છું.... ગુરુજી...

❃ ❃ ❃ ❃



## સદ્‌ગુરુ વલ્લભરામ બાવની

પ્રથમ નમુ સદ્‌ગુરુ દેવાય.
જેથી પતીત પાવન થાય;
પહેલો જન્મ વેદવ્યાસ,
પ્રગટ્યા આનંદ થયો ચો પાસ. ....૧
અઢાર પુરાણ ઉપનિષદ વેદ,
પંચમ વેદનો બતાવ્યો ભેદ;
કર્યા અનેકોના ઉધ્ધાર,
ઉતારી દીધા ભવપાર. ....૨
બાકી રહ્યા ભક્તો અપાર,
પ્રગટ થયા બીજે અવતાર;
નામ ધર્યું વલ્લભધોળા,
સહાય જેને શંકરભોળા. ....૩



બીજે જન્મે તપ કર્યું,
આદ્યશક્તિનું ધ્યાન ધર્યું;
જગદંબાને પ્રસન્ન કીધાં,
વરદાન એણે માંગી લીધાં. ....૪
કળિયુગના વારાની મ્હાંય,
મારા ભક્તો હેરાન ન થાય;
યોગ પ્રયોગ કરે સમાહ,
માયાની ન કરે પરવાહ. ....૫
વરદાન દઈ થયા અંતરધ્યાન,
વલ્લભે વિસ્તાર્યું જ્ઞાન;
ત્રીજો ધર્યો છે અવતાર,
અમદાવાદ નગર મોઝાર. ....૬
સંવત ઓગણીસોને એક,
કૃષ્ણપક્ષ જન્માષ્ટમી નેક;



રાત્રિનો સમય છે બાર,
વલ્લભરામે ધર્યો અવતાર. ....૭
પિતા જેના સૂર્યરામ, પુત્રરત્ન
વ્યાસ વલ્લભરામ;
પૂર્વજન્મના ભક્તિના ભાન,
જન્મી જગમાં દીધાં જ્ઞાન. ....૮
પહેલી ચોપડીનો અભ્યાસ,
છોડી, દીધાં જ્ઞાન ચોપાસ;
ગામોગામ સત્સંગની વાત,
સદ્‌ગુરુ થયા પ્રખ્યાત. ....૯
વિરોધીએ પોતાને ઘેર,
લાડુમાં જમાડ્યા ઝેર;
પ્રેરકે પ્રેરણા કીધી,
વ્યાસે વાત જાણી લીધી. ....૧૦

જાણી જોઈને જમ્યા ઝેર,
જેના પર ઈશ્વરની મ્હેર;
ઝેર પચાવ્યાં જીવીત રહ્યા,
વિરોધીઓ આશ્ચર્ય થયા. ....૧૧
સર્વ મંત્રો માં શ્રેષ્ઠ ૐકાર,
સમજાવ્યો ગીતાનો સાર;
ઊંચનીચનો રાખ્યો ન ભેદ,
બતાવી દીધો પંચમ વેદ. ....૧૨
ૐ જપવાનો સૌને અધિકાર,
ઉપદેશ દઈ ઉતાર્યા પાર;
વલ્લભવિષ્ટિ, વાણીવલ્લભ,
ભાવાર્થપ્રકાશ પુસ્તક દુર્લભ. ....૧૩
મહાભારત ભગવદ્‌ગીતાય,
સુણતાં પતીત પાવન થાય;



નીતિવલ્લભ, વલ્લભવિજ્ઞાન,
સાંભળતાં થાય મોક્ષનું જ્ઞાન. ....૧૪
પુસ્તક રચ્યા અપરંપાર,
મોક્ષધર્મનો કર્યો પ્રચાર;
સનાતન ધર્મનો દીધો સાર,
ઉતારી દીધા ભવપાર. ....૧૫
ઓગણીસો એક્યાસી,
મોક્ષે જવા અભિલાષી;
ગામેગામ એક માસ આગળ,
મોક્ષે જવા લખ્યા કાગળ. ....૧૬
કૃષ્ણપક્ષ ચૈત્રી બારસ,
દેહ છોડ્યા વલ્લભ વ્યાસ;
આવ્યા સૌ મોક્ષમાર્ગી ભાઈ,
દર્શન કરી પાવન થાય. ....૧૭



સમાધિમાં બેઠા એહ,
સૌની વચ્ચે છોડ્યા દેહ;
દિવ્યરૂપ થયો પ્રકાશ,
મોક્ષે ગયા વલ્લભ વ્યાસ. ....૧૮
પુત્ર જેનો રમુજીલાલ,
મોક્ષમાર્ગીને કર્યા ન્યાલ;
ધન્ય રમુજીલાલ અવતાર,
ગુરૂગાદીના વારસદાર. ....૧૯
પ્રથમ જન્મે ૠષભદેવ,
બીજે જન્મે થયા શુકદેવ;
ત્રીજે સંત કબીર અવતાર,
ચોથે રમુજીલાલ કરે ભવપાર. ....૨૦
લક્ષચોરાશી આત્મકલ્યાણ,
દેહરક્ષણ ને પાપનિવારણ;
તારકમંત્ર, આત્મસિદ્ધિ પ્રયોગ,



ગુરુમંત્રના મહાપ્રયોગ. ....૨૧
બ્રહ્મકર્મસિદ્ધિ પ્રયોગ,
વ્યાસાશ્રમનો ઉત્તમ યોગ;
ધ્યાને ચઢાવી કર્યા એકતાર,
પુણ્ય અર્પી કર્યો ઉધ્ધાર. ....૨૨
અનાવલ ગામે સમાધિ યોગ,
પરમાત્માનો કર્યો સંયોગ;
મોક્ષમાર્ગી સૌએ કર્યા પૂજન,
ગુરૂદેવ થયા પ્રસન્ન. ....૨૩
સંવત બે હજાર ને અઢાર,
પોષ વદ છઠ ને શનિવાર;
ગુરૂદેવ રમુજી મોક્ષે ગયા,
તરી ગયા ને તારી ગયા. ....૨૪

આપ્યા સૌને આશીર્વાદ,
ભક્તિનો લાગ્યો છે નાદ;
જાણી જોઈને છોડ્યા તન,
જેનું મોક્ષમાં છે મન. ....૨૫
ગુરુના ગુણોનો નહિ પાર,
થોડામાં કર્યો વિસ્તાર;
દાસોનો કરવા ઉધ્ધાર,
જયવર્ધન કરશે જય જયકાર. ....૨૬

## દોહરો

ઉપાન્હ કરું મમ ચામ્રના, તોયે ના વળે પાડ;
ઉગાર્યા આ લોકથી, ટળ્યો ગર્ભનો ખાળ.

❃ ❃ ❃ ❃



## ધૂન

૧. ૐ નારાયણ પરમાત્મા,
પૂરણબ્રહ્મ હરિ...
(ૐઅખંડાનંદકી જય)
૨. જય જય ગુરુ મહારાજા ગુરુ,
જય જય વલ્લભરામ સદ્‌ગુરુ...
(ૐપરમપદનિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુ
વલ્લભરામ મહારાજ કી જય)
૩. જય જય ગુરુ મહારાજા ગુરુ,
જય જય રમુજીલાલ સદ્‌ગુરુ...
(ૐપ્રણવાધિવકતા મોક્ષમાર્ગાચાર્ય
સદ્‌ગુરુ રમુજીલાલ મહારાજ કી જય)

❃ ❃ ❃ ❃



## થાળ

પ્રભુ પ્રેમનો પરસાદ લેજો રે,
ભાવના છો ભૂખ્યા;
દાસોને દરશન દેજો રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૧)
ઓ પ્રભુ વિદુર ભક્તની,
ભાવે જમ્યા ભાજી;
કેળાંના છોતરે રાજી રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૨)
ઓ પ્રભુ શબરીબાઈ નાં,
બોર તમે આરોગ્યાં;
ભ્રગુના ચીભડાં ભોગ્યાં રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૩)



ઓ પ્રભુ કરમાબાઈ નો,
ખીચડો તો ખાધો;
સેવકનો સમો સાધ્યો રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૪)
ઓ પ્રભુ પાંડવોનું,
એક તારે દુ:ખ શોષ્યું;
આરોગી જગતને પોષ્યું રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૫)
ઓ તૃપ્તાનંદી તમને,
શું તૃપ્ત જ કરીએ;
વલ્લભ વાણી ઓચરીએ રે,
ભાવના છો ભૂખ્યા. પ્રભુ...(૬)

❃ ❃ ❃ ❃